પાલક માતા-પિતા યોજનામાં સુધારો

મોડાસા, તા. ૧૩

સમગ્ર રાજ્યમાં ૩૯ વર્ષ અગાઉ અમલી બનેલી પાલક માતા-પિતા યોજનામાં સુધારો કરાયો છે અને હવે પિતા મૃત્યુ પામ્યા હોય અને માતા પુનઃ લગ્ન કરે તેવા કિસ્સામાં પણ પાલકને રાજ્ય સરકારની આ યોજનાનો લાભ મળશે. એટલું જ નહીં પણ સમાજ સુરક્ષા વિભાગ દ્વારા આ સુધારાનો પરિપત્ર પણ તાજેતરમાં જ કરી દેવામાં આવતા હવે આ સુધારા યોજના અન્વયે જરૂરી લાભ મળતો થશે.

અગાઉ જુના પરિપત્રમાં માતા-પિતા પૈકી પિતાનું અવસાન થયું હોય તેવા કિસ્સામાં જ પાલકને લાભ મળતો હતો અને રૂ. ૩૦૦૦ મુજબ સહાય પણ પાલકને ચુકવાતી હતી પણ માતા-પિતા પૈકી પિતા હયાત ન હોય અને માતા પુનઃ લગ્ન કરે તો આવા કિસ્સામાં તેના સંતાનને માટે કોઈ જ આધાર જ ન હતો અને પિતાની છત્ર છાયા ગુમાવી દીધેલ બાળક માતા પુનઃ લગ્ન કરી લેતાં નોંધારો બની જતા તેના જીવનની કોઈ જ દિશા ન હતી.

આવા સંજોગોમાં મોડાસા વિધાનસભા ક્ષેત્રમાં સતત ૨૦ વર્ષના લાંબા ધારાસભ્ય તરીકેના જાહેરજીવનના અનુભવે પૂર્વ ધારાસભ્ય દીલીપસિંહ પરમારને પિતાની સમક્ષ આવેલી લોક લાગણી સભર આ સંવેદનશીલ બાબત સ્પર્શી ગઈ અને તેમણે લોક જીવનના ધબકારા ઝીલી લીધા અને આ બાબતે રજૂઆતોનો દોર શરૂ કરી દેતા આખરે આ સંવેદનશીલ બાબતે સરકારના વિવિધ વિભાગોમાં કરેલી રજૂઆતોનું ફળદાયી પરિણામ મળ્યું અને હવે પિતા હયાત ન હોય અને માતા પુનઃ લગ્ન કરે તેવા કિસ્સામાં પણ પાલકને રૂ. ૩૦૦૦ની સહાય ચુકવાશે.

તલોદના તેજસ્વી વિદ્યાર્થીઓ

ક્રમ	વિદ્યાર્થીનું નામ	મેળવેલ માર્કસ
૧	શાહ અમી અતુલકુમાર	૪૦૬/૫૦૦
૧	શાહ ધ્વની રાજેશકુમાર	૪૦૬/૫૦૦
૨	શાહ કિવીશા પરેશકુમાર	૪૦૫/૫૦૦
૩	શાહ ધ્રુવિલકુમાર નિકુંજકુમાર	૪૦૩/૫૦૦
૪	પટેલ ઉન્નતિ અરવિંદભાઈ	૩૮૭/૫૦૦
૫	શાહ યાજ્ઞી હેતલકુમાર	૩૬૫/૫૦૦
૫	શાહ તિર્થ નિલેશકુમાર	૩૬૫/૫૦૦
૬	શાહ ધ્વનિલ અશોકકુમાર	૩૫૬/૫૦૦
૭	રાઠોડ નિર્લકુમાર ગૌતમભાઈ	૩૫૫/૫૦૦
૮	પંચાલ બીજલ કિરીટભાઈ	૩૫૨/૫૦૦
૯	શાહ મીત રાકેશકુમાર	૩૪૬/૫૦૦
૧૦	ઝાલા કુલદીપ લક્ષ્મણસિંહ	૩૪૨/૫૦૦
૧૦	પ્રજાપતિ નિશાંત સુરેશકુમાર	૩૪૨/૫૦૦
૧૦	પટેલ મીતલ અમૃતભાઈ	૩૪૨/૫૦૦

કંપની સમાચાર

ઈન્ડિયા ગ્રિડ ટ્રસ્ટ યુનિટનો ઈનિશિયલ પબ્લિક ઇશ્યૂ ૧૭ મે રોજ ખુલશે ૧૯ મે, ૨૦૧૭ના રોજ બંધ થશે પ્રાઈઝ બેન્ડ યુનિટદીઠ રૂ. ૯૮ થી ૧૦૦

ઈન્ડિયા ગ્રિડ ટ્રસ્ટ (''ઈન્ડિગ્રિડ'' કે ''ટ્રસ્ટ'')એ યુનિટ દીઠ પ્રાઈઝ બેન્ડ રૂ. ૯૮ થી રૂ. ૧૦૦ ધરાવતો કુલ રૂ. ૨૨,૫૦૦ મિલિયન (''ઇશ્યૂ'')નો ઈનિશિયલ પબ્લિક ઇશ્યૂ ૧૭ મે, ૨૦૧૭નાં રોજ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. ઈન્ડિગ્રિડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (''**InvIT**'') છે, જેની સ્થાપના ભારતમાં આંતર-રાજ્ય પાવર ટ્રાન્સમિશન અસ્કયામતોની માલિકી માટે કરવામાં આવી છે. સ્ટર્લાઈટ પાવર ગ્રિડ વેન્ચર્સ લિમિટેડ અને સ્ટર્લાઈટ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ લિમિટેડ એ ઈન્ડિગ્રિડનાં અનુક્રમે સ્પોન્સર અને ઈન્વેસ્ટમેન્ટ મેનેજર છે. એક્સિસ ટ્રસ્ટી સર્વિસીસ લિમિટેડ એ ઈન્ડિગ્રિડનાં ટ્રસ્ટી છે.

બિડ્સ લઘુત્તમ ૧૦,૨૦૫ યુનિટ માટે અને પછી ૫,૧૦૩ યુનિટનાં ગુણાંકમાં થઈ શકશે. બિડ/ઇશ્યુ ૧૯ મે, ૨૦૧૭નાં રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઇશ્યૂનો ગાળો બિડ/ઇશ્યૂ ખુલવાની તારીખથી એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે ૧૬ મે, ૨૦૧૭ છે. એન્કર ઈન્વેસ્ટર્સ સિવાયનાં બિડર્સ માટે બિડની લઘુત્તમ સાઈઝ રૂ. ૧ મિલિયન (રૂ. ૧૦ લાખ) છે.

ઈનિશિયલ પબ્લિક ઇશ્યૂ સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈન્ફ્રાસ્ટ્રક્ટર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ) નિયમન, ૨૦૧૪, જેમાં સુધારા મુજબના નિયમ ૧૪(૪) પર આધારિત છે, જેમાં કોઈ પણ પરિપત્રો અને ઇશ્યૂ થયેલા નિયમો (''**InvIt Regulations**'') સામેલ છે. આ ઇશ્યૂ ઇશ્યૂ પછીનાં આધારે ઈન્ડિગ્રિડનાં બાકીનાં યુનિટનો ઓછામાં ઓછો ૨૫ ટકા હિસ્સો ધરાવશે. ઈન્ડિગ્રિડને ક્રિસિલ દ્વારા કોર્પોરેટ ક્રેડિટ રેટિંગ **AAA/Stable**, આઈસીઆરએ દ્વારા ''**IrAAA**' સાથે સ્ટેબલ આઉટલૂક અને ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા **IND** ''**AAA**''/**Stable** રેટિંગ આપવામાં આવ્યું છે. આ ઇશ્યૂ બુક બિલ્ડીંગ પ્રોસેસ મારફતે લાવવામાં આવ્યો છે.

યુવાનોમાં ઉત્સાહ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘણીવાર ટેકન ફોર ગ્રાન્ટેડ લઈએ છીએ. મમ્મીની દરકાર અને પ્રેમને સન્માનવાનો સારો અવસર આપણી સમક્ષ મધર્સ ડે સ્વરૂપે આવ્યો છે. મે માસના બીજા રવિવારે સમગ્ર વિશ્વમાં ઉજવાતા મધર્સ ડે ની ઉજવણી હવે ગાંધીનગરમાં પણ થવા માંડી છે. આખુ વર્ષ આપણે કામમાં સતત વ્યસ્ત રહેતા હોઈએ છીએ. મમ્મીની સારસંભાળ લેવાનો તેને 'આઈ લવ યુ' કહેવાનો અવસર આપણને મળતો નથી. મમ્મીને આપણે પ્રેમ તો કરીએ છીએ પરંતુ તેને વ્યક્ત કરવાનો અવસર આપણને મધર્સ ડે સ્વરૂપે મળ્યો છે. નવી પેઢીના કિશોરો અને યુવાનો હવે મધર્સ ડે ની ઉજવણી ઉલ્લાસપૂર્વક કરતાં થયા છે. પોકેટમનીમાંથી બચાવેલા રૂપિયાથી મમ્મી માટે નાનકડી ગીફ્ટ લેવાનો ઉત્સાહ કિશોરોમાં જોવા મળી રહ્યો છે તો નવા નવા કમાતા થયેલા યુવાનો પોતાની મમ્મીને પાર્ટી આપી સરપ્રાઈઝ કરવાનુ ચુકતા નથી. આવતીકાલે મધર્સ ડે છે ત્યારે કિશોરો અને યુવાનો મમ્મીને કઈ ગીફ્ટ આપવી કે કઈ સરપ્રાઈઝ આપવી તેની તૈયારીમાં લાગી ગયા છે અને નીતનવા આઈડીયાઝ શોધી રહ્યા છે.

સન્માનિત કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વચ્છતા અભિયાન વધુ સઘન બને તે માટે ભૂગર્ભગટર, ગંદા પાણીના શુધ્ધિકરણ પ્લાન્ટના કામો ઉપરાંત સ્વચાલિત સુપર સકર મશીનોની ગ્રાન્ટ અને સ્વચ્છતા સ્કવોડની રચના માટે ખાસ અનુદાન આપવાની વાતને લઈ પણ સહાય ચુકવવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ આ વખતે સ્વચ્છતા સર્વેક્ષણમાં ટોપ-૨૦માં સ્થાન મેળવ્યુ છે અને તેના પદાધિકારીઓના સન્માનને લઈ શહેરી વિસ્તારમાં આનંદની લાગણી છવાયેલી છે તેમજ ગૌરવપ્રદ સ્થાન પ્રાપ્ત કરી શહેરની આગવી ઓળખ ઉભી કરી છે. ગાંધીનગર મહાનગરપાલિકાને મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અન્વયે પણ સારી એવી રકમ અનુદાન પેટે મળશે. આ ઉપરાંત ઓખટ્રોય અનુદાનમાં ૧૦ ટકાનો વધારો કરવાને કારણે પણ અનુદાનની રકમ મોટી થશે તેમ મનાઈ રહ્યું છે.

મોડાસામાં જિલ્લા કલેક્ટર કચેરી સહિત જિલ્લા મથકની કચેરીઓના જુના દિશા સૂચક બોર્ડની આંટીઘૂટીમાં અટવાતા જિલ્લાવાસીઓ

જિલ્લા કલેક્ટર કચેરી ગણેશપુરા વિસ્તારમાં ખસેડાઈ બોર્ડના દિશાસૂચન બસસ્ટેન્ડ તરફ

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાનું સાબરકાંઠા જિલ્લામાંથી વિભાજન થયાના ત્રણ વર્ષ જેટલો સમય વિતી ગયો હોવા છતાં જિલ્લા વહીવટીતંત્ર અને મોડાસા શામળાજી રોડ પર આવેલી એન્જનીયરીંગ કોલેજની સામે જિલ્લા સેવાસદનનું નિર્માણ કરી જિલ્લા કલેક્ટર કચેરી સહિત મામલતદાર કચેરી, અધિક કલેક્ટર કચેરી સહિતની સરકારી ઓફીસો ખસેડાઈ હતી પરંતુ

જવાબદાર અધિકારીઓની બેદરકારીના પગલે જિલ્લા કલેક્ટર કચેરી સહિતની જિલ્લામથકની કચેરીઓ શોધવામાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના લોકો રીતસરના ફાંફે ચડી રહ્યા છે.

જિલ્લા વહીવટીતંત્ર અને જવાબદાર અધિકારીઓએ જુની જિલ્લા કલેક્ટર કચેરી, મામલતદાર સહિતની અન્ય કચેરીઓના દિશા સૂચન બોર્ડ ઠેર ઠેર રાખતા હટાવવાની તસ્તી ન લેતા જિલ્લાવાસીઓ જૂની જિલ્લા કલેક્ટર કચેરી અને મામલતદાર કચેરીના ધરમધક્કા ખાઈ રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા પ્રજાજનો જિલ્લા કલેક્ટર કચેરી સહિત મામલતદાર કચેરીએ જુના દિશા સૂચન બોર્ડના આધારે બસસ્ટેન્ડ પાછળના વિસ્તારમાં આવેલી કચેરીએ પહોંચતા ઓફિસોને તાળા જોઈ સેવા સદનનો ધરમધક્કો પડે છે અને ગામડાના લોકોનો સમય અને નાણા વેડફાઈ રહ્યા છે. જેથી જુની કલેક્ટર કચેરી દિશા સૂચન કરતા બોર્ડ મોડાસા શહેરના તમામ માર્ગો પરથી હટાવી લેવામાં આવે તો જિલ્લાવાસીઓ તથા ગ્રામ્યલોકો જુની જિલ્લા કલેક્ટર કચેરી અને નવી જિલ્લા કલેક્ટર કચેરી સહિતની જિલ્લા મથકની કચેરીઓની આંટીઘૂટીથી અટવાતા બચી શકે.

બસસ્ટેન્ડ પાછળ નજીકમાં કાર્યરત જિલ્લા કલેક્ટર કચેરી સહિત મામલતદાર કચેરી અને જિલ્લામથકની કચેરીઓ શામળાજી રોડ પર આવેલા જિલ્લા સેવાસદન ખાતે ખસેડાયી હોવા છતા જિલ્લા કલેક્ટર કચેરી સહિત અન્ય સરકારી ઓફીસ તરફ જવાના જુના દિશા સૂચન બોર્ડ ખસેડવામાં ન આવતા જિલ્લાવાસીઓ ધરમધક્કા ખાઈ રહ્યા છે. જિલ્લા કલેક્ટર કચેરી સહિતની કચેરીઓના બોર્ડ તાત્કાલિક ધોરણે હટાવી લેવામાં આવે તે આવશ્યક છે.

અરવલ્લી જિલ્લાનું નવનિર્માણ થયા બાદ જિલ્લા કલેક્ટર કચેરી સહિત જિલ્લાની મુખ્યમથકની કેટલીક ઓફીસો મોડાસા બસસ્ટેન્ડ પાછળની મામલતદાર કચેરીએ કાર્યરત કરવામાં આવી હતી. ત્યારબાદ

સાલ એન્જિ.કોલેજમાં બાટલો ફાટતાં પાંચ વિદ્યાર્થીની દાઝી

અમદાવાદ, તા.૧૩

શહેરની સાલ એન્જિનીયરીંગ કોલેજની લેબોરેટરીમાં આજે એસિડનો બાટલો ફાટતાં પાંચ વિદ્યાર્થીની દાઝી ગઇ હતી, જેને પગલે કોલેજમાં ભારે અફરાતફરી અને ભોગદોડ મચી ગઇ હતી. બીજીબાજુ, દાઝી ગયેલી વિદ્યાર્થીનીઓને તાત્કાલિક સારવાર અર્થે ડ્રાઈવઈન રોડ પર આવેલી સાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જયાં ચાર વિદ્યાર્થીનીઓને તો તાત્કાલિક સારવાર આપી તેમની સ્થિતિ સ્વસ્થ જણાતાં તેઓને રજા અપાઇ હતી, જયારે એક વિદ્યાર્થીનીની સ્થિતિ હજુ સહેજ ગંભીર હોવાથી તેને હજુ સાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવી છે. આ અંગેની વિગત એવી છે કે, શહેરની સાલ એન્જિનીયરીંગ કોલેજમાં આજે લેબોરેટરીમાં અભ્યાસ દરમ્યાન એસિડનો બાટલો અચાનક ફાટયો હતો, એ વખતે લેબોરેટરીમાં પ્રયોગ કરી રહેલી પાંચથી છ વિદ્યાર્થીનીઓ તેના સંપર્કમાં આવતાં તે વત્તા ઓછા અંશે દાઝી ગઇ હતી. એસિડથી દાઝવાના કારણે જોરદાર બળતરા થતાં વિદ્યાર્થીનીઓએ ચીસાચીસ કરી મૂકી હતી. બીજીબાજુ, એસિડથી વિદ્યાર્થીનીઓ દાઝતાં સમગ્ર કોલેજમાં અફરાતફરી અને ભાગદોડ મચી ગઈ હતી. દાઝેલી પાંચેય વિદ્યાર્થીનીઓને તાત્કાલિક સારવાર અર્થે સાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સાલ એન્જિનીયરીંગ કોલેજની વિદ્યાર્થીનીઓ એસિડથી દાઝી હોવાના સમાચારને પગલે સાલ હોસ્પિટલનું તંત્ર અને સ્ટાફ પણ તરત દોડી આવ્યો હતો. પાંચેય વિદ્યાર્થીનીઓને તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી, જેમાંથી ચાર વિદ્યાર્થીનીઓને સામાન્ય દાઝી હોઇ ઓપીડી સારવાર આપી રજા આપી દેવાઇ હતી. જયારે અન્ય એક વિદ્યાર્થીની માનસી પટેલ સહેજ ગંભીર રીતે દાઝી હોવાથી તેને ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવી હતી. જયાં તેણીની સારવાર ચાલી રહી છે. દરમ્યાન સાલ હોસ્પિટલના આસીસ્ટન્ટ જનરલ મેનેજર ઉમા બક્ષીએ જણાવ્યું હતું કે, ચાર વિદ્યાર્થીનીઓની સ્થિતિ સારી જણાતાં તેઓને રજા અપાઇ છે, જો કે, હજુ એક વિદ્યાર્થીની હોસ્પિટલમાં દાખલ છે અને જરૂર પડયે તેની વધુ ટ્રીટમેન્ટ કરવામાંઆવશે. હોસ્પિટલ તંત્ર ખડેપગે તૈનાત છે. સમગ્ર બનાવને લઈને આજે દિવસભર ચર્ચા રહી હતી. સાથે સાથે સાલ હોસ્પિટલમાં પણ તંત્રના અધિકારીઓની ભાગદોડ રહી હતી. વિદ્યાર્થીનીઓની તબિયત અંગે પણ માહિતી મેળવવામાં આવી હતી.

સાઈબર એટેક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા આજે સિસ્ટમોને રીસ્ટોર કરવાની કામગીરી વ્યાપક પણે હાથ ધરાઈ હતી. બીજી બાજુ આ હુમલા પાછળ રહેલા અપરાધીઓને શોધી કાઢવાની કવાયત હાથ ધરાઈ છે. હજુ સુધીના સૌથી મોટા સાઈબર ખંડણી હુમલા તરીકે આને ગણવામાં આવે છે. હેલસીન્કી સ્થિત સાઈબર સિક્યુરિટી કંપની એપ સિક્યોરમાં ચીફ રિસર્ચ ઓફિસરનું કહેવું છે કે ઈતિહાસમાં સૌથી મોટા ખંડણીના ભાગરૂપે આ હુમલો કરવામાં આવ્યો છે. ૧૦૦થી વધુ દેશોમાં ૧૩૦૦૦૦ સિસ્ટમ ઉપર તેની અસર થઈ છે. સાઈબર હુમલાઓની અભૂતપૂર્વ લહેરથી ખળભળાટ મચી ગયો છે. તેમણે ઉમેર્યું હતું કે રશિયા અને ભારતને પણ પ્રતિકુળ અસર થઈ છે કારણ કે જુના વિન્ડો એક્સપી આ દેશોમાં હજુ પણ મોટાપાયે ઓપરેટીંગ સોફ્ટવેરમાં છે. સ્ટેટ એજન્સીઓ અને મોટી કંપનીઓ જે વિશ્વભરમાં સક્રિય છે તે લોકો તપાસમાં લાગેલા છે. આ હુમલાના કારણે ફાઈલો બ્લોક થઈ ગઈ હતી. હુમલાખોરો દ્વારા ખંડણીની માંગ કરવાના હેતુસર આ હુમલા કરાયા હતા. જેથી તેમના કોમ્પ્યુટર સિસ્ટમને બંધ કરવાની ફરજ પડી હતી. હાલના હુમલાને અભૂતપૂર્વ હુમલા તરીકે ગણવામાં આવે છે. નિષ્ણાતોનું કહેવું છે કે ડઝન જેટલા દેશોમાં આની અસર થઈ હતી. આમાં એવા હુમલા કરવામાં આવ્યા છે જેના ભાગરૂપે યુઝરોની ફાઈલો બ્લોક થઈ જાય છે. જ્યાં સુધી નક્કી કરવામાં આવેલી રકમ હુમલાખોરોને ચૂકવવામાં ન આવે ત્યા સુધી તે ફાઈલો ખુલી શકતી નથી. ફ્રાન્સની કાર બનાવતી કંપની રેનોલ્ટને ફ્રાંસ અને સ્લોવાનિયામાં પોતાની પ્રોડકશન કામગીરીને બંધ કરવાની ફરજ પડી હતી.

ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લાના અરનિયામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની રેન્જર્સે વાડ પર કામ કરી રહેલા ભારતીય જવાનોને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ ભારત તરફથી પણ જવાબી કાર્યવાહી કરવામાં આવી હતી. આ અગાઉ બુધવાર અને ગુરૂવારના દિવસે પણ પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાંઆવ્યો હતો. જેમાં એક મહિલાનુ મોત થયુ હતુ. નૌશેરા સેક્ટરમાં પાકિસ્તાનના ગોળીબારના કારણે સ્કુલો બંધ કરાવી દેવામાં આવી હતી. સ્થાનિક લોકોને સુરક્ષિત સ્થળ પર ખસેડી દેવામાં આવ્યા છે. અંકુશરેખા નજીક પૂંચ જિલ્લાના ક્રિષ્નાઘાટીમાં બે ભારતીય જવાનોને ટાર્ગેટ બનાવીને હુમલો કરવામાં આવ્યા બાદથી સ્થિતિ ખૂબ જ તંગ બનેલી છે.

લોન્ચ કરશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ભારતના પ્રયાસ છે કે લોન્ચ માટે ઈન્ટરનેશનલ વ્હિકલ્સ પર નિર્ભરતા ઘટાડવામાં આવે. ઈસરોનું કહેવું છે કે તે જીઓસીમક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (જીએસએલવી) માર્ક-૩ને જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં લોન્ચ કરવાની યોજના ધરાવે છે. આ લોન્ચની સફળતાથી ભારત અંતરિક્ષ કાર્યક્રમમાં આત્મનિર્ભરતાની દિશામાં વધુ એક પગલું ભરી લેશે. હાલના સમયમાં સેટેલાઈટની પરિભ્રમણ કક્ષામાં સ્થાપિત કરવા માટે ઉપયોગ કરવામાં આવતા ઈશરોના રોકેટમાં ૨.૨ ટન વજનના સેટેલાઈટ મોકલવામાં આવે છે. આનાથી વધુ વજનના લોન્ચ માટે વિદેશ ઉપર આધાર રાખવાની ફરજ પડે છે. ઈશરોના ચેરમેન એસ.કિરણકુમારનું કહેવું છે કે જીએસએલવી-માર્ક-૩ આગામી લોન્ચ તરીકે રહેશે. આની તૈયારી ચાલી રહી છે. શ્રીહરિકોટામાં તમામ સિસ્ટમ લગાવી દેવામાં આવ્યા છે.

વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શરૂઆત થઈ ગઈ હતી. આજે સતત બીજા દિવસે પણ વરસાદ પડ્યો હતો. ઘણી જગ્યાઓએ રસ્તાઓ ભીના થઈ ગયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં શાંતાક્રુઝ વિસ્તારમાં ત્રણ મીમી સુધીનો વરસાદ થયો છે. મધ્ય મહારાષ્ટ્રથી લઈને આંતરિક કર્ણાટક સુધીના જુદા જુદા ભાગોમાં સર્જાયેલી સ્થિતિના લીધે આ વરસાદ થયો છે. આંતરિક કર્ણાટકના વિસ્તારોમાં સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાઈ છે. અરબિયન દરિયામાં મોસ્ચરની સ્થિતિના પરિણામ સ્વરૂપે મુંબઈ ઉપર વરસાદી વાદળા ઘેરાઈ ગયા હતા અને વરસાદ થયો છે. મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં વરસાદ પડતા લોકોને રાહત થઈ હતી. ગરમીથી રાહત મેળવતા લોકોના ચહેરા ઉપર ખુશી આવી હતી. ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે મુંબઈમાં હજુ પણ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

ખળભળાટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાતે ગુજરાત લાયન્સ અને દિલ્હી ડેરડેવિલ્સ વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચમાં પહેલા બેટિંગ કરતા ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૫ રન બનાવ્યા હતા. જવાબમાં દિલ્હીની ટીમે એક વખતે છ વિકેટે ૧૨૧ રન કર્યા હતા. પરંતુ શ્રેયસ અય્યરના ૮૩ બોલમાં ૯૬ રનની મદદથી જીત મેળવી લીધી હતી. દિલ્હીને છેલ્લી ઓવરમાં ચાર બોલમાં સાત રનની જરૂર હતી. અમિત મિશ્રાએ બે ચોગ્ગા ફટકારીને દિલ્હીને જીત અપાવી દીધી હતી. કાનપુર પોલીસે ૧૦મી મેના દિવસે નયન રમેશ શાહ, વિકાસ ચૌહણ અને રમેશની ધરપકડ કરી હતી. કાનપુર ઈસ્ટના પોલીસ અધિકારી અનુરાગ આર્યએ કહ્યું છે કે શાહના ફોનના રેકોર્ડ એક વોટ્સએપ ચેટમાં તે બંટી સાથે વાતચીત કરી રહ્યો છે તે લાયન્સના બે ખેલાડીઓના સંપર્કમાં છે. સોમવારના દિવસે તેના રિમાન્ડ મેળવી લીધા બાદ આ બંને ખેલાડીઓ સાથે તેના નજીકના સંબંધને લઈને પૂછપરછ કરવામાં આવશે. જો તે બંને ખેલાડીઓનું નામ દર્શાવી દેશે તો પોલીસ આ ખેલાડીઓની પણ પૂછપરછ કરશે. આર્યનું કહેવું છે કે વોસ્ટએપ ચેટમાં નયન શાહ અજમેરના બુકી બંટી સાથે વાતચીત કરી રહ્યો છે. જેમાં કહેવામાં આવી રહ્યું છે કે ગુજરાત લાયન્સના બે ખેલાડી સેટ થઈ ચુક્યા છે અને આ લોકો એવું જ કરશે જેવું અમે તેમને કહીશું. એક મેસેજમાં એમ પણ કહેવામાં આવી રહ્યું છે કે ગુજરાત લાયન્સ ૨૦૦ રન બનાવી લેશે તો પણ હારશે.

ભરતસિંહ એકાએક દિલ્હી પહોંચતા તર્કવિતર્કોનો દોર

ટૂંક સમયમાં જ કોંગ્રેસના પ્રદેશ સંગઠનમાં વ્યાપક ફેરફાર

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસે જોરદાર તૈયારીઓ હાથ ધરી છે. સંગઠનમાં નવા પ્રાણ ફૂંકવાના પ્રયાસ થઈ ચુક્યા છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી એકાએક દિલ્હી પહોંચ્યા બાદ આને લઈને પણ જોરદાર ચર્ચા જોવા મળી રહી છે. ભરતસિંહે કયા મુદ્દા પર ચર્ચા કરી તેની માહિતી હજુ મળી શકી નથી.કોંગ્રેસના પ્રદેશ સંગઠનમાં કેટલાક મહત્વના ફેરપારો થશે. જેમાં પાટીદારોએ પણ વધુ પ્રાધાન્ય આપવા અંગે હાઈકમાન્ડ સાથે ચર્ચા કરવા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી આજે સવારે એકાએક દિલ્હી જવા રવાના થયા હતા. રાજકીય વર્તુળોના તરેહ તરેહની ચર્ચાએ જોર પકડાયું છે. જેમાં શંકરસિંહ વાઘેલાનો મુદ્દો હજુ પણ લટકતો રહ્યો હોવાથી કોંગ્રેસ હાઈકમાન્ડ ભરતસિંહ સોલંકીને સલાહ આપશે તેમ પણ સુત્રો શકયતા વ્યકત કરી રહ્યા છે. કોંગ્રેસના નવનિયુક્ત પ્રભારી અશોક ગેહલોતની હાજરીમાં તાજેતરમાં મળેલી કોંગ્રેસની પ્રદેશ કારોબારીની બેઠકમાં પક્ષના સંગઠનને વધુ મજબુત બનાવી વિધાનસભાની ચૂંટણી જીતવા ઉપર ખાસભાર મુક્યો હતો. જેમાં કોગ્રેસે પણ ૧૫૦ બેઠકોનો લક્ષ્યાંક નક્કી કરતા કાર્યકરોને વધુમાં વધુ સક્રિય કરવા તેમજ સમાજના વિવિધ વર્ગોને કોંગ્રેસમાં સક્રિય કરવાની વ્યુહરચના અમલમાં મુકાઈ હતી. દરમિયાન કોંગ્રેસ હાઈકમાન્ડનું એકાએક તેડુ આવતા ભરતસિહ સોલંકી આજે સવારે જ દિલ્હી રવાના થયા હોવાથી કોંગ્રેસના વર્તુળોમાં તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડાયું છે. જેમાં કોગ્રેસમાં હવે કોઈ મોટા ફેરફારો આવી રહ્યા હોવાની પણ શક્યતાઓ સુત્રોએ વ્યક્ત કરી રહ્યા છે.

માલપુર વાત્રક નદીના પુલ નજીક પસાર થતી નદીમાંથી મહિલાનો મૃતદેહ મળ્યો

અરવલ્લી, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના માલપુર ગામ નજીક વાત્રક પુલ પાસેથી પસાર થતી નદીમાંથી આધેડ મહિલાનો મૃતદેહ પડ્યો હોવાની જાણ થતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જુના તખતપુરા ગામની પટેલ સમાજની પરિણીત મહિલાનો મૃતદેહ હોવાની જાણ થતા મૃતક મહિલાના પરિવારજનો અને સગાસંબંધીઓ ઘટનાસ્થળે ધસી આવી માલપુર પોલીસ સ્ટેશને જાણ કરતા માલપુર પોલીસે મૃતક મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર તાલુકાના જુના-તખતપુરા ગામની ગીતાબેન બકુલભાઈ પટેલ (ઉં.વ. ૪૫) માનસીક બિમારીથી પીડાતી હોવાથી શુક્રવારે બપોરે ૨ વાગ્યાના સુમારે પરિવારજનોને જણાવ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. પરિવારજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી. શનિવારે સવારે વાત્રક પુલ નજીકથી પસાર થતી નદીમાંથી એક મહિલાનો મૃતદેહ તરતો હોવાની જાણ થતા સ્થળ પર તપાસ કરતા મૃતક મહિલા ગીતાબેન જ હોવાની જાણ થતા માલપુર પોલીસને જાણ કરતા માલપુર પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી મૃતદેહનો કબ્જો મેળવી પી.એમ. માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર પોલીસ મૃતક મહિલાના પરિવારના શંકરભાઈ નાથાભાઈ પટેલની ફરિયાદના આધારે મૃતક મહિલા માનસીક અસ્વસ્થ હોવાની અને ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી જઈ વાત્રક નદીના પાણીમાં ડુબી જઈ પાણી પી જવાથી મરણ ગયેલ હોવાની ફરિયાદ નોંધી મહિલાના મૃતદેહને માલપુર સી.એચ.સી.માં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહિ હાથ ધરી હતી.

મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

કવિ સંમેલનોના આયોજન (એમના જ ખર્ચે) કરીને એમની પ્રાણ પ્રતિષ્ઠા કરે છે. જો કે સાચું અને સારું લખતા પદાધિકારી કવિઓ આવી ચૂંગાલમાંથી બહું ઝડપથી નીકળી જતા હોય છે પણ જે પદાધિકારી નવા નવા આ ક્ષેત્રમાં પ્રવેશ્યા છે અને જેમને રાતોરાત કવિ બની જવાની ધખના છે તેઓ આવા આયોજક કવિની આગળ પાછળ દોડ્યા કરે છે અને પોતાના પદનો લાભ આપ્યા કરે છે. પરિણામે બીજાના આયોજનમાં પણ આવા સંચાલકો આવા પદાધિકારી અકવિઓને સામેથી બોલાવીને વિના સંકોચે અને શરમે કવિ સંમેલનોમાં પ્રસ્તુત કરી દેવાની ધૃષ્ટતા કરી દેતા હોય છે. પણ જ્યારે આવા અકવિ મંચ ઉપર ચડીને પોતાનું જોડકણું રજુ કરે અને સામે બેઠેલા ભાવકોમાંથી એકપણ તાલી ના પડે ત્યારે શરમ અને સંકોચ સાથે મંચ ઉપરથી નીચે ઉતરવું પડે છે. આજે સૌ કોઈ એમ સમજે છે કે દુનિયામાં સૌથી સહેલામાં સહેલું કામ ''કવિ બનવું'' છે. સર્જક બનવું છે. અને આ માટે સૌ પોતપોતાની આર્થિક, સામાજિક, રાજકીય અને સરકારી હેસિયતથી પ્રયત્નો કરે છે. પણ આ બધા રેડિમેઈડ અકવિઓ — અસર્જકો એ નથી સમજતા કે પાકા ઘડાને જ કાંઠા ચડે, કુવામાં હોય તો જ હવાડામાં આવે. કવિ થવું કે કવિતા લખવી એ ચણા મમરા ફાકવા જેવી વાત નથી. કે રૂપિયા આપી મૉલમાંથી કોઈ પ્રોડક્ટ ખરીદવા જેવી વાત નથી. કવિતા એ મનમાંથી કલમમાં અવતરે છે અને મા સરસ્વતીનું વરદાન હોય એ જ પોતાના હાથમાં કલમ લઈ શકે છે. કવિતા એ કોઈ 'કચેરી હુકમ' નથી કે નીચે નામ લખી — સહી કરી એટલે પાસ થઈ જાય. ઘણા પદાધિકારીઓ એવા પણ છે કે જેમની સાત પેઢીમાં કોઈને સાહિત્યના ''સ'' કે શિક્ષણના ''શ'' કે કવિતાના ''ક'' સાથે કોઈ લેવાદેવા ના હોય છતાંય ચારેબાજુથી શબ્દો ચોરી ચોરીને અત્યંત ગૂઢ અને લિપિ ગુજરાતી હોવા છતાંય વૈદિક સમય પહેલાના જેવું કંઈક રહસ્યમય લખ્યા કરે છે જે લખ્યા પછી કોઈ પણ શિક્ષિત ગુજરાતી કે ખુદ પોતેય સમજી શકતા નથી. (જય જય ગરવી ગુજરાત)આમા મોટાભાગના નનવ્ય કવિઓ એવા છે કે જેમને સાચું ગુજરાતી પણ લખતા આવડતું નથી. અથવા એક પણ કવિને વાંચ્યા નથી. અન્ય કોઈ પુસ્તકોને કદી સ્પર્શ પણ નથી કર્યો. અને છતાય દેખાદેખીને કારણે કે રાતોરાત કવિ - લેખક બની જવાની લાલચને કારણે અથવા ક્યારેક કોઈ મુશાયરામાં ભૂલથી આવી જતા ગઝલકારોની વાહ વાહ જોઈને કે ફેસબૂક પર જાણીતા કવિઓની કવિતા નીચે અનેક લાઈક્સ ને કોમેન્ટ્સ જોઈને... આવી સફળતા મેળવવા આવી ચડતા હોય છે. અને પછી અતિ ઉત્સાહને કારણે કે કોઈની ટકોરને કારણે છંદનું પ્રાથમિક જ્ઞાન મેળવીને શબ્દોને ગાલગાગા-માં ગોઠવતા આવડી જાય એટલે પોતાને ચિનુ મોદી કે ધીરુબેન પટેલ સમજવા લાગે છે. આમ તો ખરેખર જેમ શિક્ષક બનવા માટે કે તલાટી કે મંત્રી બનવા માટે કે સરકારી નોકરી મેળવવા માટે કે એમ.ફીલ કે પીએચ.ડી કરવા માટે કે મેડિકલમાં — એંજિનીયરીંગમાં પ્રવેશ મેળવવા માટે ''પ્રવેશ પરીક્ષા'' લેવામાં આવે છે તેમ ''કવિ કે લેખક'' બનવા માટે પણ અકાદમી કે પરિષદ જેવી સંસ્થાઓએ ''સર્જન પ્રવેશ પરીક્ષા'' દર છ મહિને લેવી જોઈએ. જે પાસ કર્યા પછી જ કોઈપણ કવિતા કે લેખ કે વાર્તા કે કંઈ પણ સાહિત્યનું સર્જન કરી શકે અને પછી જ એ પ્રગટ કરી શકે અને પુસ્તક પણ પછી જ પ્રગટ કરી શકે. એવો કડક કાયદો બનવો જોઈએ. કેમ કે આજે સૂંઠને ગાંગડે ગાંધી થઈ જનારાની સંખ્યા વધી છે અને જેઓ સાચા ગાંધી છે એમનો કોઈ ભાવ પૂછતું નથી. વળી આવા સાચા ગાંધી (સર્જકો) અહિંસામાં માનતા હોવાથી કડવું લખતા કે બોલતા નથી. તેથી અમારે આ ''કડવુંકર્મ'' ધર્મ સમજીને કરવું પડે છે. અસ્તુ.

9426060601.india@gmail.com